| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૫/૧૨/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૫૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની આને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપિંડીઃ- સમાચાર યાદી નં.૧૯૬૩/૨૦૨૩

**નવરંગપુરાઃ** ગૌરવ સુરેશભાઇ નંદા (ઉ.વ.૩૧)(રહે. અનમોલ રેસીડેન્સી એમ.જે.પાર્ક પવનચક્કી જામનગર) એ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભાવેશ અરવિંદભાઇ ચૌહાણ એ નવરંગપુરા સી.જી.રોડ સ્વસ્તીક ચાર રસ્તા પાસે શુકુન બિઝનેશ સેન્ટર ખાતે ઓફીસ નંબર-૪૦૮ ધરાવી ગૌરવ નંદા તેમજ તેમના મિત્રને પોલેંડ ખાતેના વર્ક વિઝા અપાવવાના બહાને કુલ રૂપિયા ૨,૩૦,૦૦૦/- મેળવી લઇ વર્ક વિઝા નહી આપી તેમજ લીધેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૪/૨૦૨૩**

**નારણપુરાઃ** યોગેશભાઇ ચીનુભાઇ શાહ (ઉ.વ.૬૦) (રહે. ફ્લેટ નં.૩૫ એચ હરીપાર્ક ફ્લેટ અંકુર રોડ નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૨૩ કલાક ૧૨/૩૦ થી તા.૦૪/૧૨/૨૦૨૩ કલાક ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા ચારભુજા સેન્ડવીચની ગલીમાં રંગ સુજલામ સોસાયટી ખાતે રહેતા યોગેશભાઈ શાહના માતા કમળાબહેન (ઉ.વ.૮૫) ના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા અને અન્ય સોના-ચાંદીની વસ્તુઓ અને રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**ચાંદખેડાઃ** જીગ્નેશ સ/ઓ પ્રવિણભાઇ પંચાલ (રહે. પાર્શ્વનાથ ટાઉનશિપ વિભાગ-૨ કૃષ્ણનગર નવા નરોડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૨૩ બપોરના ૩/૩૦ થી તા.૦૪/૧૨/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા વિસત-ગાંધીનગર હાઇવે મોટેરા તનીષ્કના શો-રૂમની બાજુમા ઉર્જા એવન્યુમાં આવેલ દુકાન નં-જી/૪ તેમજ દુકાન નં-૧૦૧,૧૦૨ ખાતેથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**ઓઢવઃ** જીજ્ઞેશભાઇ ડાહ્યાભાઇ પટેલ (રહે. સફલ પ્લાઝા જનસેવા કેન્દ્ર સામે નીકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી તા.૦૪/૧૨/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ વેપારી મહામંડળ પાછળ અભિશિલ્પ ઇન્ડ્રસટ્રીયલ પાર્ક શેડ નંબર-૬૬ નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટુલ્સ નંગ-૧૩૬૦ કિમત રૂપિયા ૯૧,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૫/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** મુકેશ રામરૂપ દુર્જનાલાલ માહોર (રહે. લાભાર્થ સોસાયાટી ઠક્કરનગર) એ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૨૩ સવારનાં ૬/૦૦ થી ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૬/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** આશિષભાઇ રમેશભાઇ ભાવસાર (ઉ.વ.૪૪)(રહે.ભગીરથ હોમ્સ, શ્રીજી સોસાયટી સામે, નારોલ ગામ) તા.03/૧૨/૨૦૨૩ રાતના ૧૦/00 વાગ્યાના સુમારે કાંકરીયાથી રામબાગ તરફ જતા કલ્યાણ જ્વેલર્સ સામેથી પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હીલ નંબર જીજે.૩૮.બી.૪૫૩૯ ના ચાલક જતિનભાઇ દેવકિશન મોદી (રહે.પરિષ્કાર-૨, ખોખરા સર્કલ પાસે, ખોખરા) એ પુરઝડપે અને બેદરકારીથી ફોર વ્હીલ ચલાવી આશિષભાઇની મોટર સાયકલને ટક્કર મારતા, આશિષભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર આશિષભાઇના પિતા રમેશભાઇ ભાવસાર એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાના કામે આરોપી જતિનભાઇ મોદીની અટકાયત કરી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૭/૨૦૨૩**

**વટવાઃ** આનંદ માવજીભાઇ બોરીયા (ઉ.વ.૨૨) (રહે. નવી વસાહત સરદાર સોડા શોપ સામેની ગલી જશોદાનગર) તા.03/૧૨/૨૦૨૩ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે પુનિતનગર રેલ્વે ફાટક નજીક ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૮/૨૦૨૩**

**કારંજઃ** અશોકભાઈ ત્રીકમલાલ ચૌહાણ (ઉ.વ.૫0) (રહે. નવતાડ, કબીર મંદીર, ધીકાંટાની બાજુમાં, ધીકાંટા, શાહપુર) એ અગમ્ય કારણસર તા.03/૧૨/૨૦૨૩ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.આઇ.કટીયા ચલાવે છે.

**વટવાઃ** અજયભાઇ રાજેન્દ્રભાઇ વિશ્વકર્મા (ઉ.વ.30) (રહે. ઓમ શાંતિનગર-૩ દેવીમાતાના મંદીર પાસે વટવા ગામ) એ અગમ્ય કારણસર તા.0૪/૧૨/૨૦૨૩ સવારના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી